

પાલનપુરના ડેરી રોડ પર સ્થિત આદર્શ હાઈસ્કૂલ ખાતે આજે બનાસકાંઠાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ રાજય મંત્રી હરિભાઈ ચૌધરીનું આંજણા કેળવણી મંડળ અને ચૌધરી સમાજ દ્વારા તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. જયાં મોટી સંખ્યામાં ચૌધરી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : હરેશ જોષી)

# પાલનપુરમાં કારનો કાચ તોડી ગઠીયો ૨૦ હજાર ભરેલુ પર્સ લઈ છૂમંતર

પાલનપુર, તા. ૧૪

પાલનપુર શહેરમાં ધોળા દિવસે ચોરી-તફડંચી-ચીલઝડપ અને વાહનચોરીના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. જેમાં આજે શહેરના ગઠામણ દરવાજા પાસે વધુ એક ગુનો બનવા પામ્યો હતો.

પાલનપુર શહેરના ગઠામણ દરવાજા પાસે ખાનગી હોસ્પિટલમાં બાળકોના ડૉક્ટરને ત્યા એક રહિશ પોતાના બાળકને કારમાં લઈ સારવાર અર્થે આવ્યા હતા અને કારમાં રૂ. ૨૦,૦૦૦ની રોકડ રકમ અને અગત્યના કાગળો સહિતનું પર્સ મુકી ડૉ. જગદીશ ઠાકોરના દવાખાને ગયા હતા. આ દરમિયાન કેટલાક ગઠીયાઓએ ધોળે દિવસે કારનો કાચ તોડી કારમાં રહેલ પર્સની ઉઠાંતરી કરી છૂમંતર થઈ ગયા હતા. થોડા સમય બાદ બાળકના પિતા દિનેશભાઈ પ્રજાપતિ બાળકની સારવાર કરાવી પોતાની કાર પાસે આવ્યા હતા. જ્યાં કારનો કોચ તોડી કોઈ ઈસમ પાકીટ ચોરી કરી ગયા હોવાનું માલુમ પડ્યું હતું. જેથી આ ચોરી અંગે પૂર્વ રાહે પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



પંડિત જવાહરલાલ નહેરુની જન્મજયંતિ નિમિત્તે તેમની પ્રતિમા ઉપર પુષ્પાંજલિ અપાઈ હતી.

# ભાજપ સંગઠનની તાકાતથી છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં જોડવાનું ભગીરથ કાર્ય કરે છે : ભીખુભાઈ દલસાણીયા

ગાંધીનગર, તા. ૧૪

ભારતીય જનતા પક્ષનું સંગઠન એ સેવાને વરેલુ છે. સેવા એ જ તેનુ લક્ષ્ય છે. આ પક્ષ આ તેની ઓળખથી જ અન્ય રાજકીય પક્ષો કરતાં ભિન્નતા ધરાવે છે. સંગઠનની તાકાતથી છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં જોડવાનું ભગીરથ કાર્ય આ સંગઠન પર્વનો ઉદેશ્ય છે તેમ ભાજપના મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયાએ આજે જણાવ્યુ હતુ.

ગાંધીનગર ટાઉનહોલમાં ગાંધીનગર શહેર, જિલ્લો તેમજ અમદાવાદ જિલ્લા ભાજપના અપેક્ષિત અગ્રણીઓને સંબોધતાં તેમણે સંગઠન પર્વની મહત્તા વિશેની જાણકારી આપી વધુ ને વધુ લોકોને પક્ષ સાથે જોડવા આહ્વાન કર્યું હતું.

રાજયના શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે સંગઠન એ પક્ષની તાકાત છે. સંગઠનના કાર્યકર્તાઓ માધ્યમ છે સરકાર અને સમાજ વચ્ચેના સેતુનું કામ કાર્યકર્તા કરે છે. તેમણે સરકારે કરેલા લોકોપયોગી નિર્ણયો અને યોજનાઓની જાણકારી કાર્યકર્તા જ લોકો સુધી પહોંચાડી શકે છે.

રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલાએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે ભાજપાના કાર્યકર્તાની એક આગવી ઓળખ અને વ્યક્તીત્વ જનમાનસમાં અંકિત થઈ ચુક્યુ છે. તેની કર્મઠતા, સેવા નિષ્ઠા અને શિસ્ત એ આગવી ઓળખ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈને દેશની પ્રજાએ પ્રચંડ જન સમર્થન આપ્યુ છે ત્યારે આપણે સંગઠન પર્વના માધ્યમથી છેવાડાના માનવી સુધી પહોંચી સંગઠનને અને સંગઠનના માધ્યમથી પક્ષને મજબુત કરવાનું કાર્ય કરવાનું છે.

પ્રદેશ મહામંત્રી અને રાજ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે ગ્રામ્ય વિસ્તારોમાં વધુ ને વધુ મહિલા શક્તિને સંગઠન સાથે જોડીને તેમજ પરિવારના એક સદસ્યને આપણા પક્ષનો સદસ્ય બનાવીએ. તેમણે જણાવ્યું હતું કે સંગઠન પર્વ એ સામાન્ય પર્વ નથી આપણે એકબીજાની નજીક પહોંચીએ તે માટેનું પર્વ છે.

આ વર્કશોપમાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરૂષોત્તમ રૂપાલા, પ્રદેશ મહામંત્રી શ્રી ભિખુભાઈ દલસાણીયા, પ્રદેશ મહામંત્રી તથા મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, સંગઠન પર્વ ગુજરાત પ્રદેશના ઈન્ચાર્જ શ્રી મનસુખભાઈ માંડવિયા, સહ-ઈન્ચાર્જ શ્રી કે.સી. પટેલ તથા શ્રીમતી દર્શનાબેન વાઘેલા, યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ પૂર્વ સાંસદ શ્રી રતિલાલ વર્મા, શ્રી પ્રદિપસિંહ વાઘેલા, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીમતી રમીલાબેન બારા, મા. મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા અન્ય અપેક્ષિત હોદેદારો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સંગઠન પર્વના ઈન્ચાર્જ શ્રી મનસુખભાઈ માંડવિયાએ પાવર-પોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી ઉપસ્થિત સૌને સમય-પત્રકને નજર સમક્ષ રાખી કઈ રીતે સંગઠન પર્વને સફળ બનાવવું તેની સમજ આપી હતી. આ સાથે તેમણે જણાવ્યું હતું કે આ વખતે સૌ પ્રથમ વાર ટેકનોલોજીની મદદથી આપણે વધુમાં વધુ લોકો સુધી પહોંચી શકીશુ. સંગઠન પર્વમાં સમાજને સર્વવ્યાપક રીતે સંપર્ક કરવા કાર્યકર્તાઓને હાંકલ કરી હતી.

# શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દશાબ્દી વર્ષ ઉજવશે


ગાંધીનગર, તા.૧૪

શ્રીમાળી બ્રાહ્મણ સમાજનો દશાબ્દી મહોત્સવ ઉજવવામાં આવશે તેમજ સમાજનું નૂતન વર્ષનું સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓનું સન્માન સમારોહ હોટલ ધુંઘટ ખાતે યોજવામાં આવશે.

આગામી ૨૨ નવેમ્બરના રોજ ગાંધીનગર શ્રીમાળી બ્રાહ્મણ સમાજની સ્થાપનાના દસ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે સમાજ દ્વારા આ પ્રસંગને વિશેષ રૂપે મનાવવામાં આવશે. આ દિવસે પ્રથમ જ્ઞાતિજનોનો સ્નેહમિલન યોજાશે. જ્ઞાતિજનો એકબીજાને મળી નવા વર્ષની શુભેચ્છાની આપલે કરશે ત્યારબાદ બાળકો કૌશલ્ય વિકાસ લક્ષી સાંસ્કૃતિક નાટકો રજૂ કરશે.

તેમજ નગરમાં વસતા શ્રીમાળી બ્રાહ્મણ પરિવારોના કેજીથી પીજી સુધીના શ્રેષ્ઠ બાળકોનું આ પ્રસંગે સન્માન કરાશે. આ માટે તેજસ્વી વિદ્યાર્થીઓની માર્કશીટ નકલ સેકટરના પ્રતિનિધિને મોકલી આપવા પ્રમુખે જણાવ્યું છે.

## શબ્દાવલી - ૫૫૬૦



### આડી ચાવી

૧. આ ઝાડના પાનનું તોરણ બારણે લગાવાય છે (૫)
૫. બગીચો, કુવાવાળુ ખેતર(૨)
૭. કાયદો, લૉ (૩)
૮. ... માં હે પોલ (કહેવતમાં પોલ) (૪)
૧૧. વિધવા સ્ત્રીની આગળ... સંબોધન લખાય (૫)
૧૪. ઉપકાર, આભાર (૨)
૧૫. સરસ મજાની, સારી સુંદર (૫)
૧૭. વેપારની વસ્તુનું એક દેશથી બીજે દેશ જવું તે (૨)
૧૮. વિચાર, કભી ખબી મેરે દિલમાં... આતા હૈ (૩)
૨૦. અઢળક (૪)
૨૧. અવદશા, પડતી (૩)
૨૨. પડદો, ઢાંકણ (૪)

### ઊભી ચાવી

૧. આકાશમાં રાત્રે દેખાતો નિહારિકાનો વિશાળપટ્ટો (૫)
૨. કંચન, કનક (૨)
૩. પત્તુ, પાંદડુ (૨)
૪. ડાંટ, વઢે તે, ખીજાવું (૨)
૫. કાપો, ચીરો (૨)
૬. શરીર, તન (૨)
૯. માતાજીનું મંદિર (૨)
૧૦. મદારી, વાદી (૩)
૧૨. રૂપાળુ, ખુબસુરત (૫)
૧૩. રસી, પસ (૨)
૧૪. ખાંભીઓ, સ્મારક (૩)
૧૬. આ શબ્દના પહેલા અક્ષર પર મીંડુ મુકો તો પક્ષીને ઉડવામાં મદદ કરતી... થાય (૨)
૧૭. દાન-દક્ષિણા (૩)
૧૯. એક કંદ (૩)
૨૦. ખરાબ કર્મ કરવાથી... લાગે તેવી ધાર્મિક લાગણી-બીક (૨)

### શબ્દાવલી ૫૫૫૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) ફકર (૪) આરાધના (૭) ફરીસ્તો (૮) નથ (૯) ડામ (૧૦) ધિક્કાર (૧૨) વિર (૧૩) ફર્જ (૧૪) અરાજકતા (૧૭) ખેપાન (૧૮) દરવાજો (૨૦) રાસ (૨૧) મમ (૨૨) મડુ

**ઊભી ચાવી :-** (૧) ફફડાટ (૨) કરીમ (૩) રસ્તો (૫) ધન (૬) નાથવુ (૧૦) ધિરજ (૧૧) રફતાર (૧૨) વિરાન (૧૪) અપાસરો (૧૫) કદમ (૧૬) કજોડું (૧૭) ખેરાત (૧૯) વામન (૨૧) મજા





ખેડબ્રહ્માના અંતરીયાળ લક્ષ્મીપુરા પાસે ૧૫મી સદીના નવદેરા તરીકે પ્રાચિન જૈન મંદિર ભારતી સંસ્કૃતિનું ગૌરવ છે. આ પ્રાચિન શિલ્પો શિવ પંચાયત વખતના હોવાનું પણ પુરાણોમાં ઉલ્લેખ થયેલો છે. જેમાં શિવ-ધનકુબેર, બ્રહ્મા અને ભૈરવનો સમાવેશ થાય છે. પૌરાણિક જૈન વિરાસત જાળવણીના અભાવે ખંડેર બની રહી છે ત્યારે પુરાતત્વ વિભાગ આ શિલ્પની યોગ્ય જાળવણી કરે તે જરૂરી છે. (તસવીર : વિઠ્ઠલ સુથાર/બિપિન જોષી)

# ડી.એસ.પી.માંથી ડી.આઈ.જી. તરીકે બઢતી આપવા ગોઠવાતો તખ્તો

## ટુંકસમયમાં પોલીસતંત્રમાં બઢતી બદલીનો દોર હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યના ચાર ડી.આઈ.જી. કક્ષાના અધિકારીઓને આઈ.જી. તરીકે બઢતી આપવા સાથે જ પોલીસતંત્રમાં બઢતી અને બદસલીનો દોર શરૂ કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે આજે ડી.આઈ.જી. કક્ષાના ચાર અધિકારીઓને આઈ.જી. તરીકે બઢતી આપતાં ડી.આઈ.જી. સંવર્ગની પાંચથી ૬ જેટલી જગ્યાઓ ખાલી પડવા પામી છે. આ ચાર અધિકારીઓને આઈ.જી. તરીકે બઢતી આપીને હાલ તેઓની જગ્યાએ જ નિમણુંક આપવામાં આવી છે.

ડી.આઈ.જી. કક્ષાના ચાર અધિકારીઓને બઢતી આપવામાં આવ્યા બાદ ખાલી પડેલી ડી.આઈ.જી.ની જગ્યાઓ ભરવા માટે હવે ડી.એસ.પી.માંથી ડી.આઈ.જી. તરીકે બઢતી આપવા માટેની પ્રક્રિયા ગૃહ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. અને આગામી ટુંક સમયમાં બઢતીના હુકમો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હાલ બઢતી આપીને તેજ જગ્યાએ નિમણુંકો આપવામાં આવી છે જો કે એક સપ્તાહ બાદ બદલીઓનો દોર હાથ ધરીને પોલીસતંત્રમાં ધરખમ ફેરફારોનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. ડી.વાય.એસ.પી. માંથી એસ.પી. તરીકે બઢતી આપવાની પણ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

પોલીસતંત્રમાં આગામી ટુંક સમયમાં બઢતી અને બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# રાજ્યના આદિજાતિ વિસ્તારમાં હાટ બજારને નવો ઓપ મળશે

## નવી હાટ બજાર યોજનામાં ૨૪ કરોડ ફાળવ્યા : આદિમજૂથના પરિવારોને ગૃહ ઉપયોગી ચીજવસ્તુઓના વેચાણ-ખરીદ માટે સુચારૂં પ્લેટફોર્મ પુરૂં પાડવાની યોજના

ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આદિજાતિ વિસ્તારોની પરંપરાગત ગ્રામ હાટ બજારને નવો ઓપ આપવા રાજ્યના ૧૨ આદિવાસી જિલ્લાઓ માટે કુલ ૨૪ કરોડ રૂપિયાની માતબર ફાળવણી ઉત્કર્ષ માટે આ નવતર ગ્રામ હાટ બજાર યોજના અંતર્ગત આ બૃહદ ગ્રામ હાટ આદિજાતિ વિસ્તારોમાં વ્યુહાત્મક સ્થળે આવેલી જગ્યા પસંદ કરીને ત્યાં દુકાને સ્વરૂપે વ્યવસ્થિત પાકી છત સાથેના ઓટલા, બાઉન્ડ્રી વોલ, ગેટ, પાણીના સ્ત્રોત, પરબ, વીજજોડાણ અને પુરતા પ્રકારની વ્યવસ્થા, આંતરિક પાકા રસ્તા, પાર્કીંગ વ્યવસ્થા, પુરૂષો અને સ્ત્રીઓ માટે અલગ શૌચાલય, પશુઓ લે-વેચની વ્યવસ્થા, ચોકીદાર માટે ઓરડો, કચરા પેટી, બાંકડા, સફાઈના સાધનો સાથે બનાવવામાં આવશે.

આ માટે પ્રત્યેક જિલ્લામાં આ માટે રૂા. બે કરોડ પ્રમાણે રૂા. ૨૪ કરોડ ફાળવવામાં આવ્યા છે. આદિવાસી બાંધવો પોતાના વિસ્તારોમાં શાકભાજી, ફળ, કઠોળ અને કૃષિ વિષયક પેદાશો, ગૌણ વન્ય પેદાશો આંબળા, મધ, ગુંદર, કૃષિના ઓજારો, ઈંડા, મરઘા-મરઘી, માછળા, તૈયાર કપડા, કાપડની અને પશુઓની લે-વેચ અને પોતાના ઘરેલું ઉત્પાદનની ચીજવસ્તુઓ આસાનીથી આધુનિક સગવડો સાથે ખરીદ-વેચાણ કરી શકે તે માટેનું પ્લેટફોર્મ આ ગ્રામ હાટ બની રહેશે. ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં વર્ષોથી પરંપરાગત રીતે ગ્રામ હાટની પ્રવૃત્તિ એક ચોક્કસ દિવસે અઠવાડિયામાં સ્વયંભૂ રીતે થતી હતી.

# રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા.૧૪

ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટનો નૂતન વર્ષનો સ્નેહમિલન સમારોહ અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજવામાં આવશે. તા. ૧૬ નવેમ્બર રવિવારે બપોરે ૧-૦૦ વાગે સેકટર-૬ સ્થિત સંતશ્રી રોહિતદાસ સ્મૃતિ મંદિર ખાતે યોજાશે. સમારોહમાં એલ.એન. પરમાર, વાઈસ ચેરમેન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ, દલપતદાસ બાપુ, ગુરુગાદી ઓરણ, ખોડીદાસ પરમાર, પૂર્વ પ્રમુખ, મુલચંદભાઈ રાઠોડ, પૂર્વ ચેરમેન જિલ્લા પંચાયત ગાંધીનગર સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. જ્ઞાતિજનોએ સમારોહમાં સહ પરિવાર પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## દીપ ત્રિવેદીનાં અમદાવાદ ખાતે અનેક વ્યાખ્યાન

પ્રસિધ્ધ સાયકોએનાલિસ્ટ, લેખક અને વકતા શ્રી દિપ ત્રિવેદી, એમની આ અમદાવાદ યાત્રા દરમિયાન વિભિન્ન સ્થળોએ વિભિન્ન વિષયો પર વ્યાખ્યાન આપવાના છે. ૧૫ નવેમ્બરે સાંજના ૪ વાગે તેમનું વ્યાખ્યાન ભારતનું ગૌરવ ગણાતાં 'ઈસરો'માં છે જયાં તે ઈસરોના યુનિટને વ્યકિતત્વ હીનતા મનુષ્યની પ્રતિભાને કેવી રીતના પ્રભાવિત કરે છે અને મનુષ્ય પોતાનું વ્યકિતત્વ નિખારી કેવી રીતે પોતાની પ્રતિભાને અનેકો ગણી વધારી શકે છે તે સમજાવશે.

આ ઉપરાંત ૧૩, ૧૪ અને ૧૫ નવેમ્બર દરમિયાન પ્રકાશ ઓડિટોરિયમ, વસ્ત્રાપુર ખાતે ૩ દિવસના 'દીપટૉકસ'નું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ રોજ સાંજે ૬ વાગે થશે. આ કાર્યક્રમમાં કોઈ એન્ટ્રી-ફી લેવામાં આવતી નથી આ વખતે આ કાર્યક્રમમાં વ્યકિતત્વ કેવી રીતે નિખારવું, હીનતાથી બચવાનાં ઉપાય, ઈન્વોલ્વમેન્ટ અને અપેક્ષાઓને કેવી રીતે ઘટાડવાં અને સમૃધ્ધ થવાનાં સૌથી સરળ ઉપાયો પર ચર્ચા કરવામાં આવશે.

# બોર્ડ-નિગમોમાં સભ્યો નિમાયા

| બોર્ડ કોર્પોરેશનનું નામ | સભ્ય |
|---|---|
| બેચર સ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડ | ચંદનભાઈ રાણા, અમદાવાદ<br>મેઘજીભાઈ વાજા, જુનાગઢ<br>પ્રભુભાઈ મકવાણા, સુરેન્દ્રનગર<br>અજીતકુમાર શાસ્ત્રી, મહેસાણા<br>હંસાબેન શ્રીગોડા, આણંદ<br>ઉષાબેન બારોટ, અમદાવાદ<br>સોનાબેન સેનમા, ખેડા<br>રમેશભાઈ ચૌહાણ, સુરત<br>લલિતાદેવીદાસ સાધુ, બરવાળા<br>લખમણભાઈ સેનમા, પાલનપુર<br>રઘુભાઈ સોલંકી, રાજકોટ<br>હંસાબન પી. વાઘેલા, ગોધરા<br>હર્ષાબેન પરમાર, ચાંદખેડા |
| ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગર | મનહરભાઈ ઝાલા, જામનગર<br>બળવંતભાઈ સુરતી, સુરત<br>પરષોત્તમભાઈ બારૈયા, અમદાવાદ<br>અશોકભાઈ વાઘેલા, શિહોર<br>જીવણભાઈ ચૌહાણ, ભાવનગર<br>રમણભાઈ વિરમગામીયા, ગાંધીનગર |
| ગુજરાત મકાન અને અન્ય બાંધકામ વેલ્ફેર બોર્ડ | ગંગારામ સોલંકી, પાટણ<br>લીલેશ ચૌધરી, અમદાવાદ<br>દિપેનભાઈ દેસાઈ, સુરત<br>શશીકાંત પંડ્યા, ડિસા<br>પરાક્રમસિંહ જાડેજા, વડોદરા<br>કેશુભાઈ પારસીયા, કચ્છ<br>ધનજીભાઈ સેંધાણી, કચ્છ<br>મનોજભાઈ જોષી, અમદાવાદ<br>ગાયત્રીબા સરવૈયા, તળાજા<br>ચંદ્રપ્રકાશ દવે, અમદાવાદ |
| ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન | અર્જુનભાઈ ચૌધરી, સુરત<br>હર્ષદભાઈ વસાવા, નર્મદા<br>દિનેશભાઈ તવડી, નસવાડી<br>માધુભાઈ રાણા, દાંતા |
| ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ | પ્રો. શંકરભાઈ રાઠવા, છોટાઉદેપુર<br>રમીલાબેન બારા, સાબરકાંઠા<br>ચંદનભાઈ વસાવા, ભરૂચ<br>દશરતભાઈ પવાર, ડાંગ<br>મણીભાઈ પટેલ, વાસંદા<br>ભારતીબેન બાગુલ, ડાંગ<br>ચંદાબેન વસાવા, નિઝર |
| અલંગ વિસ્તાર વિકાસ સત્તામંડળ | મેહુલભાઈ વડોદરીયા, ભાવનગર<br>ઘનશ્યામભાઈ પટેલ, મહુવા<br>જીતુભાઈ ભટ્ટ, અલંગ<br>મુકેશભી પટેલ, અલંગ |
| ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | અમરતભાઈ દેસાઈ, સાબરકાંઠા |
| ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમ લી | રામભાઈ મેવાડા, ચોટીલા<br>રેવાભાઈ દેસાઈ, પાટણ<br>મનોજભાઈ ચાવડીયા, જામનગર |
| સિવિલ સપ્લાય કોર્પો. | હંસુકુવરબા રાજ, આણંદ |
| વોટર એન્ડ સેનીટેશન | અમુભાઈ વૈષ્ણાણી, જામજોધપુર |
| મેનેજમેન્ટ ઓર્ગો. (વાસ્મો) | ગુરુચરણ પટેલ, ઉમરેઠ<br>શશીકલાબેન રાવળ, ખેડા<br>ડીકે પટેલ, જોટાણા, મહેસાણા<br>મહેન્દ્ર મણીલાલ ચૌધરી, ધરમપુર |
| રાજ્ય આયોજન પંચ | કશ્યપ જોષી, અમરેલી<br>નૌકાબેન પ્રજાપતિ, બનાસકાંઠા |
| ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ | સુષ્માબેન અગ્રવાલ, સુરત<br>નીતિનભાઈ પટેલ, મહેસાણા<br>ગીરીશભાઈ શર્મા, ગાંધીનગર |
| ગુજરાત રાજ્ય ગૌણ સેવા પસંદગી મંડળ | રાજુભાઈ ઐયર, અમદાવાદ |

# ધો-૧૨ની બોર્ડની પરીક્ષાના આજથી ફોર્મ ભરવા પ્રક્રિયા

## છેલ્લા ચાર દિવસમાં ધોરણ-૧૦ની બોર્ડ માટેની પરીક્ષાના ૭૦ હજારથી વધુ ફોર્મ ભરવામાં આવ્યા હોવાના અહેવાલ

અમદાવાદ, તા.૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૫માં લેવાનાર ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષાના ઓનલાઈન ફોર્મ આવતીકાલથી ભરી શકશે. દરમિયાન છેલ્લા ચાર દિવસમાં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાના ૭૦ હજારથી વધુ ફોર્મ ભરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૧૫માં ધોરણ-૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની લેવામાં આવનાર છે. આ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ આવતીકાલથી થશે. આ વખતે બોર્ડની પરીક્ષાના ફોર્મ ઓનલાઈન ભરવાના હોવાથી શિક્ષણ બોર્ડ દ્વારા ગુરૂવારના રાજ્યની તમામ શાળાના આચાર્યો, કલાર્કો અને શિક્ષકોને ઓનલાઈન ફોર્મ ભરવા માટે માહિતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં માર્ચ-૨૦૧૪માં લેવાયેલ બોર્ડની પરીક્ષામાં પાંચ લાખ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા ત્યારે આ વખતે આ આંકડો વધીને સવા પાંચ લાખ જેટલો થાય તેવી શકયતા છે.

## ઉનાળાનો અહેસાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોડી સવારથી લઈને સાંજ સુધી ગરમીનું પ્રમાણ રહેવા પામે છે.

બેવડી ઋતુના કારણે નગરજનોમાં ખાસ કરીને બાળકો અને અશકત વૃધ્ધોને નાની મોટી શારીરિક તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં શરદી-કફ, માથુ દુ:ખવું, ગળુ પકડાઈ જવું, પેટની ગરબડો થવી, તાવ આવવો,સાંધાનો દુખાવો થવો, શરીર તૂટવું અને કળતરા થવી જેવી ઋતુજન્ય બિમારીઓ થવા પામી રહી છે. કેટલાક કિસ્સામાં ઝાડા ઉલ્ટીના બનાવો પણ જોવા મળી રહ્યાં છે.આજકાલ લઘુતમ અને મહત્તમ તાપમાન વધતા બફારાનો ત્રાસ નગરજનો અનુભવી રહ્યા છે.